ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૭ ટકા

# શહેરમાં આયુર્વેદિક દવાઓનું વેચાણ પચાસ ટકા વધ્યું




**ખદીરાદીવટી, ગિલોય, અશ્વગંધા, તુલસી, વસંતમાલતી, વિવિધ ઉકાળા, અલગ અલગ કંપનીઓ દ્વારા બનાવાયેલ કવાથ, સનસમની વટી જેવી આયુર્વેદીક પ્રોડકટની ખાસ ખરીદી નગરજનો કરી રહ્યા છે**

ગાંધીનગર, તા.૨૧

કોરોનાના કહેર વચ્ચે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. કહેવાય છે કે હવામાં પણ કોરોના છે. નગરજનો આ બાબતને ઘણું મહત્વ આપી રહ્યા છે અને ઘરે રહે કે ઘરની બહાર જવાનું થાય પોતાની ઈમ્યુનીટીમાં વધારો થાય તેવો પ્રયત્ન કરી રહ્યા છે અને કોરોનાથી રક્ષણ મેળવવા એન્ટી કોરોના આયુર્વેદીક દવાની ખરીદી કરી તેનો પોતાની જીવનચર્યામાં ઉમેરો કરી રહ્યા છે. જેમાં ખાસ ગિલોય, અશ્વગંધા અને તુલસીનું ચલણ વધુ છે.

નગરજનો કોરોનાને લઈને સતર્ક થઈ પોતપોતાનું ધ્યાન રાખીને કોરોનાથી બચવા માટે આયુર્વેદીક નુસખા અપનાવી રહ્યા છે તેવું આયુર્વેદીક સ્ટોલના વેપારીઓનું કહેવું છે. એલોપેથી સ્ટોરમાં પણ આજે દરેકને એક રેક આયુર્વેદીક દવાઓ માટેનો રાખવો જ પડે છે. જેમાં ખાસ ખદીરાદીવટી, ગિલોય, અશ્વગંધા, તુલસી, વસંતમાલતી, વિવિધ ઉકાળા, અલગ અલગ કંપનીઓ દ્વારા બનાવાયેલ કવાથ, સનસમની વટી જેવી આયુર્વેદીક પ્રોડકટની ખાસ ખરીદી નગરજનો કરી રહ્યા છે તેવું શહેરના જાણીતા આયુર્વેદીક સ્ટોર વેલ કેરના મનોજ ત્રિવેદી જણાવે છે.

આજે સોશિયલ મિડીયા અને ગુગલ ઉપર પણ ઘરના રસોડાની સાધન સામગ્રીમાંથી વિવિધ ઉકાળા બનાવવાની રેસપી મળી રહે છે ત્યારે નગરજનો દરરોજ સવારે કવાથ-ઉકાળા સાથે ગિલોયની ગોળી છે. આ ઉપરાંત ગાર્ગલ કરવા સાથે ગરમ પાણીનું દરરોજ ગ્રહણ કરવું તેમ નગરજનો માની રહ્યા છે. આયુર્વેદ વિશે કોરોના કાળમાં અવેરનેસ વધી ગઈ છે સાથે નગરના આયુર્વેદીક સ્ટોરમાં પણ આયુર્વેદીક દવા ખરીદવા માટે ભીડ જામે છે.

## કોરોના કાળમાં ચિકનગુનિયાએ પણ માથું ઉંચકતા ચિંતાનો માહોલ..!!

**શરદઋતુના સંતાપમાં શહેરમાં વિવિધ બિમારીઓનું જોર વધ્યું : વરસાદી પાણીથી ભરાયેલા ખાબોચિયાના કારણે માખી-મચ્છર જેવા જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો**

ગાંધીનગર, તા.૨૧

એક તરફ શહેરમાં કોરોના પર કન્ટ્રોલ હજુ સાધી શકાયો નથી અને બીજી તરફ શહેરમાં ફરી એકવાર ચિકનગુનિયાએ માથું ઉંચકતા શહેરીજનો વધુ ચિંતાતુર બન્યા છે. છેલ્લા એક સપ્તાહમાં વરસાદી રમઝટમાં વિરામ બાદ ચિકનગુનિયાના કેસો વધી રહ્યા છે.

દેશભરમાં નોવેલ કોરોના વાયરસ વધુને વધુ વ્યકિતઓને તેની ઝપેટમાં લઈરહ્યો છે જેમાં ગુજરાત પણ બાકાત નથી. રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ કોરોના સંક્રમણની સ્થિતિ ચિંતાજનક છે અને તાજેતરમાં શહેરમાં ટૂંકા ગાળામાં કોવિડ-૧૯ પોઝિટિવ દર્દીઓના નોંધપાત્ર સંખ્યામાં થયેલા મૃત્યુએ શહેરમાં ચિંતાનો માહોલ સર્જાયેલો છે તેવા ગાળામાં ગાંધીનગરમાં ચિકનગુનિયાએ પણ માથું ઉંચકતા શહેરીજનોની હાલત કફોડી બની રહી છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં એકાએક ચિકનગુનિયાના દર્દીઓની સંખ્યા વધવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક વર્ષો પૂર્વે ચિકનગુનિયાએ દેશભરમાં ભારે આતંક મચાવ્યો હતો અનો આ રોગ પણ એવો છે ચોટ દવા હજુ સુધી પ્રાપ્ત થઈ શકી નથી. તબીબોના જણાવ્યા મુજબ મચ્છર કરડવાથી થતો આ રોગ અમુક ખાસ સંજોગોમાં દેખા દે છે. હાલ શહેરમાં વાદળ તડકા સાથે ગરમી ઠંડીની બેવડી ઋતુ જેવા વરાંપનું વાતાવરણ છે. શરદઋતુમાં ભેજવાળી ભારે હવા સાથે શહેરમાં ઠેર ઠેર ભરાયેલા વરસાદી પાણીના ખાબોચિયાં વગેરેને કારણે માખી-મચ્છર સહીતના જીવજંતુઓનો ઉપદ્રવ ખૂબ વધ્યો છે જેના કારણે સીઝનલ બિમારીઓનું જોર પણ વધ્યું છે. આ સ્થિતમાં હવે ચિકનગુનિયાએ પણ દેખા દેતાં ચિંતાનો માહોલ સર્જાવા પામ્યો છે અને દર્દીઓ કોરોના સંક્રમણના ભયે દવાખાને જવું કે નહીં તે બાબતે અવઢવમાં પણ મુકાઈ રહ્યા છે. જો કે વધેલી સીઝનલ બિમારીઓના કારણે શહેરના દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે.

### તાવ સાથે શરીર જકડાઈ જતું હોવાથી પહેલી શંકા કોરોનાની થાય છે

ચિકનગુનિયા એ મચ્છર કરડવાથી થતો રોગ છે અને આ રોગમાં દર્દીને તાવ સાથે શરીર દુઃખવું, શરીરના અંગો જકડાઈ જવા, ખૂબ અશકિત અને બેચેની લાગવી જેવા લક્ષણો જોવા મળે છે. તાવ આવતો હોવાથી દર્દીઓને પહેલી ચિંતા કોરોના સંક્રમણની સતાવે છે તેમજ શરીરની રોગ પ્રતિકારકશકિત પર પણ અસર પડે છે.



ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા ડિવાઈન યોગ અને નેચરોપેથી સેન્ટર ગાંધીનગર ખાતે ફેબ્રુઆરી ૨૦૨૦માં યોગ ટ્રેનરની તાલીમ શિબિર યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના કોચ તરીકે કાનજીભાઈ બાવરીના માર્ગદર્શન હેઠળ ૧૫૦ શિબિરાર્થીઓએ યોગ તાલીમ લીધી હતી. આ ૨૫ દિવસની તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને વ્યાયામ, આસન, પ્રાણયામ, ધ્યાન, આયુર્વેદ જેવા વિષયોનું પ્રેકટીકલ અને થીએરીકલ શિક્ષણ આપવામાં આવ્યું હતું. જે સંદર્ભે આજે તમામ વિદ્યાર્થીઓને ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા યોગા ટ્રેનર તરીકે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના કલેકટર ડૉ.કુલદીપ આર્ય ઉપસ્થિત રહ્યા હતા. યોગ કોચ કાનજીભાઈ દ્વારા સર્વે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## અડાલજ-કોબા માર્ગ પર અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

અડાલજ - કોબા માર્ગ પર રામાપીર મંદિર નજીક અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલક ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાયો હતો. જયાં યુવકનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે મૃતકની માતાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહનચાલકને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

મળતી વિગત મુજબ ભાટ વાલ્મિકી વાસ ખાતે રહેતા નિરૂબેન પ્રભુભાઈ સોલંકીએ ગત.૧૩ સપ્ટેમ્બરના રોજ રાત્રીના સુમારે સફાઈ કામદાર તરીકે કામ કરતો તેમનો દિકરો સુરેશ રાત્રીના ૮ કલાકે કોબા સર્કલ થી અડાલજ બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. તે સમયે હાઈવે પર રામાપીર મંદિર પાસે બાઈકને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટકકર મારતા તે માર્ગ પર પટકાયો હતો. જેથી શરીરે ઈજાઓ પહોંચી હતી. કોઈ રાહદારીએ ૧૦૮ ને બોલાવી સારવાર માટે મોકલી આપ્યો હતો. ગાંધીનગર હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ રહેલા યુવકનું ૧૯ સપ્ટેમ્બરના રોજ રાત્રીના સુમારે સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. દિકરાની અંતિમક્રિયા બાદ આ મુદે વિધવા માતાએ પોલીસ ફરીયાદ નોંધાવી છે.

## સરગાસણ પાસેથી વિદેશી દારૂની ૪ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર નજીક સરગાસણ પાસે બાઈક પર વિદેશી દારૂની ચાર બોટલ સાથે બે યુવકોને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે રૂ.૧૬૦૦ ની કિંમતનો દારૂ, બે મોબાઈલ ફોન કિં.૧૦હજાર અને રૂ.૨૦હજારનું બાઈક મળીને કુલ રૂ.૩૧,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન આસ્કા હોસ્પિટલથી સરગાસણ ચોકડી તરફ જતા બાઈક નં. જી.જે.૧૮.એ.ક્યું-૫૯૩૮ ઉભુ રખાયું હતું. બાઈક પર મુળ ભાભરના અને હાલ સ્વાગત એફોર્ડની સામે છાપરા ખાતે રહેતા કુલદીપ માવજીભાઈ પરમાર (ઉં.૧૯), તેમજ ભરત કરશનભાઈ પરમાર(ઉં.૨૦) મળી આવ્યા હતા. પોલીસે તેઓની પાસે રહેલો થેલો ચેક કરતા તેમાંથી વિદેશી દારુની ૪ બોટલ મળી આવી હતી. જેતી પોલીસે દારૂ, મોબાઈલ, અને બાઈક મળી કુલ રૂ.૩૧,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી યુવકો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ઘ-૪ સર્કલને બંધ કરી તેના સ્થાને અંડરપાસ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જેના કારણે ઘ-રોડ પર જતો ટ્રાફિક ચ-રોડ અને ગ-રોડ પર ડાયવર્ટ કરાયો છે. ઘ-માર્ગ બંધ હોવાથી ઓફિસ સમયે પથિકાશ્રમથી ચ-રોડ જવાના માર્ગે ખૂબ જ ટ્રાફિક જોવા મળે છે. કયારેક કયારેક ટ્રાફિક જામના દશ્યો જોવા મળે છે.

## સેકટર-૨૮ માંથી ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સેકટર-૨૧ પોલીસ મથકે જાણવા જોગ અરજી મુજબ વિજયભાઈ જયંતિભાઈ શાહ રહે. પ્લોટ નં.૫૧૩-૨ કોલવડા નગર સોસાયટી સેકટર-૨૮ ખાતે રહે છે. વિજયભાઈના નાના બહેન જીજ્ઞાસા ઉર્ફે જીગીબહેન ઉં.વ.૪૬ રહે. પ્લોટ નં.૫૧૩-૨ ખાતે કોલવડા નગર સોસાયટી ખાતેથી ગત તા. ૮-૯-૨૦૨૦ ના રોજ ૧૦.૩૦ કલાકના પોતાના ઘરેથી કાઈ કહ્યા સિવાય ઘરેથી નીકળી ગયા છે અને માનસિક અસ્વસ્થ છે. જે પાંચ ફુટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે અને શરીરે મધ્યમ બાંધાના છે. તેઓ હિન્દી અને ગુજરાતી ભાષાના જાણકાર છે. તેણીએ શરીરે જાંબલી કલરનો બ્લાઉઝ તેમજ કમરથી નીચે લીલા કલરનો પાઈજામો તેમજ કેશરી કલરની સાળી પહેરેલ છે. આ બહેન અંગે કોઈને માહિતી કે પત્તો મળે તો સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવો.





જન્માષ્ટમી પૂર્ણ થયે ઘણા દિવસો થયા હોવા છતાં છાને ખુણે પાના પત્તાનો જુગાર રમાય છે. અવારનવાર મોટી હોટલ કે રીસોર્ટના કમરાઓમાંથી જુગાર રમતા મોટા માથા ઝડપાય છે. જો કે પોલીસને પોલીસ સ્ટેશનની બાજુમાં જ શ્રમિકો દ્વારા રમાતો જુગાર દેખાતો નથી. કદાચ આવી નાની રેડમાં પોલીસને રસ નહીં હોય....

## 'હેપ્પી જીવન યોગ સેમિનાર'માં આયુર્વેદ અને ફિઝિયોથેરાપીનું માર્ગદર્શન અપાયું

**સંગીતમય યોગ-પ્રાણાયામ સાથે યોગ સેમિનાર આગામી તા. ૨૬મી સપ્ટેમ્બર સુધી ચાલશે**




ગાંધીનગર, તા.૨૧

વાવોલની એમ.બી.પટેલ હાઈસ્કૂલના પ્રાર્થના હોલ ખાતે હેપ્પી યુથ કલબ આયોજિત 'હેપ્પી જીવન યોગ સેમિનાર' તા. ૧૫મી સપ્ટેમ્બરથી દરરોજ સવારે ૬ થી ૭.૩૦ કલાક દરમ્યાન ચાલી રહ્યો છે. આ 'હેપ્પી જીવન યોગ સેમિનાર'માં સંગીતમય યોગ-પ્રાણાયામ સાથે વિવિધ વિષયના નિષ્ણાતો દ્વારા ઉપયોગી માર્ગદર્શન કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવે છે. જે અંતર્ગત રવિવારે સવારે ગાંધીનગરની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના નિષ્ણાંત વૈદ્ય ડૉ. રાકેશભાઈ ભટ્ટ અને ફિઝિયોથેરાપિસ્ટ ડૉ.હાર્દિક તલાટીએ વિના મૂલ્યે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

અત્યારે કોરોના વાઈરસ સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે અને તેનાથી બચવા વ્યક્તિએ પોતાની રોગપ્રતિકારક શકિત વધારવી જરૂરી છે, આ સંજોગોમાં કેવી રીતે રોગપ્રતિકારક શક્તિ વધારવી અને 'કોરોનામાં ઘરગથ્થુ ઉપચાર' વિષયે રવિવારે સવારે વૈદ્ય ડૉ. રાકેશભાઈ ભટ્ટે તેમની પ્રચલિત સરળ અને રમૂજી શૈલેમાં યોગાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત 'હેપ્પી જીવન યોગ સેમિનાર'માં સોમવારે સવારે ગાંધીનગરના જાણીતા યુવા ફિઝિયોથેરાપિસ્ટ ડૉ.હાર્દિક તલાટીએ સાંધાના દુઃખાવા, કમરનો દુઃખાવો કે સ્નાયુનો દુઃખાવો, મેદસ્વિતા જેવી અનેક સમસ્યાઓમાં વિના મૂલ્યે ફિઝિયોથેરાપીનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને ઉપયોગી કસરતો બતાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વાવોલની એમ.બી.પટેલ હાઈસ્કૂલના પ્રાર્થના હોલ ખાતે 'હેપ્પી જીવન યોગ સેમિનાર' આગામી તા.૨૬મી સપ્ટેમ્બર શનિવાર સુધી દરરોજ સવારે ૬ થી ૭.૩૦ કલાક દરમ્યાન યોગસેવક વિરમભાઈના માર્ગદર્શનમાં સંગીતમય યોગ-પ્રાણાયામ વિના મૂલ્યે ચાલુ છે જેનો વાવોલ તથા આસપાસના વિસ્તારના રહીશો લઈ શકે છે. કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર સેમિનારમાં દરેકે ફરજિયાત માસ્ક પહેરીને આવવું, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું અને યોગ-પ્રાણાયામ પત્યા પછી ફરી માસ્ક પહેરી લેવું જરૂરી છે.



લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા સ્મૃતિ વિકાસ શાળા, પ્રાંતિયા (ચિલોડા) ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. પર્યાવરણ સમિતિના ચેરમેન લાયન વિજયસિંહ બિહોલાના નેતૃત્વમાં યોજાયેલ કાર્યક્રમમાં ખાસ એલ.કે. વાઘેલા, વિનય જયસિંઘાની, ડૉ. એ.આર. પટેલ, નવીનભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતા. લાયન્સ કલબના મંત્રી રામચંદ્ર વ્યાસ દ્વારા સર્વેનો આભાર વ્યકત કરવામાં આવ્યો છે.

## સરગાસણ પ્રમુખનગર સોસાયટી ખાતે બંધ મકાનમાં ૫૭ હજારની ચોરી

**પરિવાર ૧૧ વાગે અમદાવાદ ગયો અને બપોર ૩ વાગે પરત ફર્યો એટલીવારમાં તસ્કરો હાથફેરો કરી ગયા**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. બંધ મકાનને નિશાન બનાવી ગણતરીના કલાકોમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ સિફતપૂર્વક પલાયન થઈ જાય છે. પાટનગરમાં ઘરફોડ ચોરીના કિસ્સા વધવાને પગલે નાગરીકો ઘર બંધ કરીને કયાંક જતા પણ ડર અનુભવી રહ્યા છે. કહેવાતા સઘન પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરો બેખૌફ બની ચોરીને અંજામ આપી રહ્યા છે. ત્યારે સરગાસણ ચોકડી પાસે પ્રમુખનગરના બંધ મકાનમાં ઘુસીને તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો છે. પરિવાર અમદાવાદ ખાતે સવારે ૧૧ વાગે ગયો હતો અને બપોરે ૩ વાગે પરત ફર્યો હતો. ત્યારે માત્ર ૪ કલાકના સમયમાં ચોર ટોળકીએ દરવાજાનું ઈન્ટર લોક તોડી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના તેમજ એક હજાર રોકડા રૂપીયા મળી કુલ રૂ.૫૭,૮૦૦ ની મત્તાની ચોરી થવા પામી છે. સરગાસણના ભરચક વિસ્તારમાં તસ્કરો ત્રાટકતા વસાહતીઓમાં ભયની લાગણી જોવા મળી છે.

મળતી માહિતી મુજબ સરગાસણ પાસે આવેલી પ્રમુખનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટીમાં બ્લોક નં.-ઈ ઘર નં.૪૦૧ ખાતે રહેતા પુનિત સુર્યકાંત જોગી રવિવારના રોજ ડોકટરની એપોઈન્મેન્ટ હોવાથી દંપતિ સવારે અમદાવાદ જવા માટે નીકળી ગયા હતા. ડોકટરને મળીને બપોરે ત્રણ વાગે તેઓ ઘરે પહોંચ્યા હતા. ત્યારે જોયું તો ઘરના મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક તુટેલી હાલતમાં હતું. દંપતિએ ઘરમાં પ્રવેશી તપાસ કરતા લોખંડનું કબાટ ખુલ્લી હાલતમાં હતું. કબાટની ચાવી તેઓ ઘરમાં લટકાવી રાખતા હતા. કબાટની અંદર ડ્રોવરનો સામાન વેર-વિખેર હાલતમાં હાલતમાં હતો. કબાટમાં રહેલી સોનાની ચેઈન રૂ.૫૫ હજાર, રૂ.૧૮૦૦ ની ચાંદીની ચેઈન અને ૧ હજાર રોકડા રૂપીયા ગાયબ હતા. અડાલજ પોલીસે ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચોર ઈસમોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### દુઃખદ અવસાન

તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ નિવૃત્ત એ.સી.પી.(ગુજરાત) શ્રી ઉદયકુમાર ત્રિભોવનદાસ બ્રહ્મભટ્ટ (યુ.ટી. બ્રહ્મભટ્ટ) રહે. ભાલક (હાલ સુરત)નું દુઃખદ અવસાન થયેલ છે. પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે.

### ચિરવિદાય

- સ્વ. અર્જુનસિંહ લક્ષ્મણજી વાઘેલા, ઉ.વ. ૭૩, પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. ગુણવંતરાય અંબાલાલ દવે, ઉ.વ. ૮૦, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. મહેશભાઈ ભગવાનદાસ નિમાવત, ઉ.વ. ૬૩, સરગાસણ, ગાંધીનગર
- સ્વ. રબારી કામણભાઈ કરશનભાઈ, ઉ.વ. ૫૪, છત્રાલ, તા. કલોલ
- સ્વ. મંગળદાસ પ્રભુદાસ પ્રજાપતિ, ઉ.વ. ૮૧, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. ભાવનાબેન પ્રવિણસિંહ ચાવડા, ઉ.વ. ૪૩, અંબોડ, તા. માણસા
- સ્વ. પુંજાજી શંકરજી ઠાકોર, ઉ.વ. ૬૧, તારાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઉદયકુમાર ત્રિભોવનદાસ બ્રહ્માનંદ, ઉ.વ. ૭૫, વિસનગર હાલ સુરત
- સ્વ. સોની સુભાષભાઈ રમણલાલ, ઉ.વ. ૬૬, સેકટર-૬, ગાંધીનગર
- સ્વ. દલવાડી લીલાબેન ભુદરભાઈ, ઉ.વ. ૫૮, હળવદ, જી. મોરબી